COPY


# THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)

"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
GANDHIDHAM - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / 032

તા: ૧૨.૦૪.૨૦૧૮

શ્રી. નિતિનભાઈ પટેલ,
માનનિય નાયબ મુખ્ય મંત્રીશ્રી - ગુજરાત રાજ્ય,
મંત્રીશ્રી નાણાં, માર્ગ અને મકાન વિભાગ,
સ્વર્ણિમ સંકુલ – ૧, ૨જે માળે, નવા સચિવાલય,
ગાંધીનગર – ૩૮૨૦૧૦

**વિષય: કચ્છ જિલ્લામાં સ્થિત બે સ્થળે પડતર ROBનાં બાંધકામ અંગે દરમ્યાનગીરી માટે વિનંતી બાબતે**

માનનિયશ્રી,

સવિનય જણાવવાનું કે કચ્છ જિલ્લામાં બે સ્થળે રાજવી ફાટક – ગાંધીધામ અને ભૂજોડી પાસે ROBનું બાંધકામ ઘણાં વર્ષોથી પડતર છે. આ સંદર્ભે સ્થાનિકે માર્ગ અને મકાન વિભાગ સમક્ષ અનેક વખત રજુઆત પણ કરેલ છે.

હાલની પરિસ્થિતિ વિષે આપને અવગત કરતાં જણાવવાનું કે રાજવી ફાટક – ગાંધીધામ મધ્યે ROB બાંધવા માટે જરૂરી નિર્ણય ગુજરાત સરકાર દ્વારા ઘણાં સમય પહેલાં લેવાયેલ છે અને આ માટે રેલ્વે તંત્ર દ્વારા પણ જરૂરી સંમતી અપાયેલ છે. આમ છતાં આ સ્થળે ROBનાં બાંધકામની કોઈ જ શરૂઆત થયેલ જ નથી. ભૂજોડી પાસે ROBનું કામકાજ શરૂ થયેલ પણ કોઈ અગમ્ય કારણોસર કાર્ય પૂર્ણ થયા વગર અધૂરેથી આ કામ ઘણાં લાંબા સમયથી બંધ છે.

ઉપરોક્ત હકિકતોને ધ્યાનમાં લેતાં અમે આપશ્રીની આ પડતર કામોનો આરંભ થાય એ માટે આપની તાત્કાલિક દરમ્યાનગીરીની વિનંતી સાથે અપેક્ષા રાખીએ છીએ.

આશા છે કે આ સંદર્ભે આપ તાત્કાલિક દરમ્યાનગીરી કરી લાગતા-વળગતાને સૂચનાં આપી આ ROBનાં બાંધકામનો પ્રારંભ કરાવવા યોગ્ય કરશોજી.

આભાર સહ...

આપનો વિશ્વાસુ,

B. B. H.

બાબુભાઈ હુંબલ
પ્રમુખ

નકલ રવાના: ૧) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, બ્લોક નં ૧૪, ૨જે માળે, નવા સચિવલય, ગાંધીનગર
૨) નાયબ કાર્યકારી ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ,પેટા કચેરી, અંજાર – કચ્છ